# LAW
## PAPER-II
## SEPT/13/16

Name & Signature of the Invigilator

..............................................

..............................................

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ..............................................

..............................................

**Time : 1.15 Minutes]** **No. of Printed Pages : 28** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of fifty **(50)** multiple choice type questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   - (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   - (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   - (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**
5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પચાસ (૫૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   - (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   - (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   - (*iii*) આ ચકાસણી સમાપ્ત થયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## LAW
## PAPER-II

## કાયદો
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. In which case it was held by the Supreme Court that Preamble is the basic feature of the Constitution ?

   (A) Golaknath case

   (B) Maneka Gandhi case

   (C) Swarna Singh case

   (D) Keshavananda Bharti case

2. The word 'armed rebellion' was substituted in place of 'internal disturbance' under Article 352 by :

   (A) 39th Amendment

   (B) 42nd Amendment

   (C) 44th Amendment

   (D) 52nd Amendment

1. કયા કેસમાં સર્વોચ્ચ અદાલતે સ્થાપિત કર્યું કે આમુખ બંધારણનો મૂળ ભાગ છે ?

   (A) ગોલકનાથ કેસ

   (B) મેનકા ગાંધી કેસ

   (C) સ્વર્ણસિંહ કેસ

   (D) કેશવાનંદ ભારતી કેસ

2. અનુચ્છેદ ૩૫૨ માં 'આંતરિક ગેરવ્યવસ્થા' ના બદલે 'સશસ્ત્ર બળવો' ઉમેરાયું :

   (A) ૩૯ મો સુધારો

   (B) ૪૨ મો સુધારો

   (C) ૪૪ મો સુધારો

   (D) ૫૨ મો સુધારો

3. Article 21-A mandates the state to provide free and compulsory education to children :

(A) below age of 7 years

(B) between 7 to 12 years

(C) between 6 to 14 years

(D) between 6 to 18 years

4. The Directive Principles are not enforceable by any court 'but none the less the principle laid therein are nevertheless fundamental in the governance of the country'.

(A) Article 35

(B) Article 36

(C) Article 33

(D) Article 37

3. અનુચ્છેદ ૨૧–એ અન્વયે ફરજીયાત અને મફત શિક્ષણ પુરું પાડવાની રાજયની ફરજ છે :

(A) સાત વર્ષથી નીચેની વયના બાળકોને

(B) સાત વર્ષથી બાર વર્ષ સુધીના બાળકોને

(C) છ વર્ષથી ચૌદ વર્ષ સુધીના બાળકોને

(D) છ વર્ષથી અઢાર વર્ષ સુધીના બાળકોને

4. માર્ગદર્શક સિદ્ધાંતોનું ન્યાયિક પાલન કરાવી શકાય નહિં પરંતુ તેમ છતાં ''તે સિદ્ધાંતો દેશના શાસનમાં મૂળભૂત એવા સિદ્ધાંતો છે.''

(A) અનુચ્છેદ ૩૫

(B) અનુચ્છેદ ૩૬

(C) અનુચ્છેદ ૩૩

(D) અનુચ્છેદ ૩૭

5. The law declared by the Supreme Court is binding on all courts within the territory of India.

(A) Article 32

(B) Article 226

(C) Article 141

(D) Article 143

6. In event of the occurrence of vacancies in the offices of both, the President and the Vice-President of India, who among the following shall discharge the functions of the President, till a new President is elected ?

(A) Chief Justice of India

(B) Speaker of Lok Sabha

(C) Prime Minister

(D) Senior most Governor

5. સર્વોચ્ચ અદાલત દ્વારા ઘોષિત કરાયેલ કાયદો ભારતમાં આવેલી તમામ અદાલતોને બંધનકર્તા છે.

(A) અનુચ્છેદ ૩૨

(B) અનુચ્છેદ ૨૨૬

(C) અનુચ્છેદ ૧૪૧

(D) અનુચ્છેદ ૧૪૩

6. ભારતના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદો ખાલી હોય તેવા સંજોગોમાં નીચેના પૈકી કોણ નવા રાષ્ટ્રપતિ ચૂંટાય ત્યાં સુધી રાષ્ટ્રપતિની ફરજો બજાવશે ?

(A) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

(B) લોકસભાના અધ્યક્ષ

(C) પ્રધાનમંત્રી

(D) સૌથી વરિષ્ઠ રાજ્યપાલ

7. Which one of the constitutional amendments accorded precedence to the Directive Principles over Fundamental Rights ?

(A) Twenty-fourth

(B) Twenty-fifth

(C) Forty-second

(D) Forty-fourth

8. Who gave the idea of Lex Aeterna ?

(A) Plato

(B) Aristotle

(C) Cicero

(D) St. Thomas Acquinas

9. "Rapists should be given death penalty"—On which theory this statement is based ?

(A) Retributive Theory

(B) Deterrent Theory

(C) Preventive Theory

(D) Punitive Theory

7. નીચે પૈકી કયા બંધારણીય સુધારાએ મૂળભૂત અધિકારો કરતાં માર્ગદર્શક સિદ્ધાંતોને પ્રાથમિકતા આપી :

(A) ચોવીસમો

(B) પચ્ચીસમો

(C) બેંતાળીસમો

(D) ચુંમાળીસમો

8. 'લેકસ ઈટર્ના' નો ખ્યાલ કોણે આપ્યો ?

(A) પ્લેટો

(B) એરીસ્ટોટલ

(C) સીસેરો

(D) સેન્ટ થોમસ એકવીનાસ

9. ''બળાત્કારીઓને દેહાંતદંડની સજા થવી જોઈએ'' આ વિધાન શિક્ષાના કયા સિદ્ધાંત ઉપર આધારિત છે ?

(A) વેરલક્ષી સિદ્ધાંત

(B) ભયોત્પાદક સિદ્ધાંત

(C) નિવારાત્મક સિદ્ધાંત

(D) દંડાત્મક સિદ્ધાંત

10. 'The life of law is not logic, but experience'. This was said by :

(A) O.W. Holmes

(B) John Gray

(C) Hans Kelsen

(D) John Salmond

11. Which one of the following is *not* an instance of subordinate legislation ?

(A) Delegated legislation

(B) Municipal legislation

(C) Autonomous legislation

(D) Parliamentary legislation

12. Ownership of patents, copyrights and trademarks is called :

(A) Vested ownership

(B) Contingent ownership

(C) Incorporeal ownership

(D) Corporeal ownership

10. 'વિધિનું જીવન તર્ક નથી, પરંતુ અનુભવ છે' આ વિધાન કોણે કહ્યું ?

(A) ઓ.ડબલ્યુ. હોલ્મ્સ

(B) જહોન ગ્રે

(C) હાન્સ કેલ્સન

(D) જહોન સામંડ

11. નીચે પૈકી કયું અધિનસ્થ વિધાનનું ઉદાહરણ નથી ?

(A) પ્રતિનિધિત્વથી વિધાન

(B) મ્યુનીસીપલ વિધાન

(C) સ્વાયત્ત વિધાન

(D) સંસદીય વિધાન

12. પેટન્ટ, કોપીરાઈટ અને ટ્રેડમાર્કની માલીકી એ **માલિકી** કહેવાય :

(A) સ્થાપિત માલીકી

(B) આકસ્મિક માલીકી

(C) અદૃશ્ય માલીકી

(D) દૃશ્ય માલિકી

13. When a debt is secured by a mortgage the right in security given by the mortgagor is a :

(A) Positive right

(B) Negative right

(C) Principal right

(D) Accessory right

14. With which jurist would you associate "law and social engineering" ?

(A) Savigny

(B) HLA Hart

(C) Roscoe Pound

(D) Henry Maine

13. જ્યારે ઋણ એ ગીરોથી રક્ષિત હોય ત્યારે ગીરો કર્તા દ્વારા સીક્યુરીટીમાં અપાયેલ અધિકાર એ :

(A) હકારાત્મક અધિકાર

(B) નકારાત્મક અધિકાર

(C) મુખ્ય અધિકાર

(D) સહાયક અધિકાર

14. કયા વિધિશાસ્ત્રીને ''વિધિ અને સામાજિક ઈજનેરી'' સાથે જોડીશું ?

(A) સેવીગ્ની

(B) એચ.એલ.એ. હાર્ટ

(C) રોસ્કો પાઉન્ડ

(D) હેનરી મેઈને

15. Which of the following options correctly explains the procedure of admission of a new state under Article 4 of the UN Charter ?

(A) Affirmative recommendation of nine members of Security Council, including that of 5 permanent members only

(B) Election by 2/3 majority in the General Assembly only

(C) Election by simple majority in the General Assembly on the recommendation of any 9 members of the Security Council

(D) Election by 2/3 majority in the General Assembly on the positive recommendation of 9 members of the Security Council including 5 permanent members

15. યુ. એન. ચાર્ટરના અનુચ્છેદ ૪ અન્વયે નીચે પૈકી કયો વિકલ્પ નવા રાજયના પ્રવેશ માટે ઉચિત કાર્યવાહી સમજાવે છે ?

(A) સલામતી સમિતિના નવ સભ્યો દ્વારા હકારાત્મક ભલામણ જેમાં પાંચ કાયમી સભ્યોનો સમાવેશ હોય

(B) સામાન્ય સમિતિની ચૂંટણીમાં બે–તૃતીયાંશ બહુમતી મળે તો જ

(C) સલામતી સમિતિના નવ સભ્યોની ભલામણ ઉપર સામાન્ય સમિતિની ચૂંટણીમાં સાદી બહુમતી મળ્યેથી

(D) સલામતી સમિતિના નવ સભ્યોની હકારાત્મક ભલામણ જેમાં કાયમી પાંચ સભ્યોનો સમાવેશ હોય અને તે ઉપર સામાન્ય સમિતિમાં ચૂંટણીમાં બે–તૃતીયાંશ બહુમતી મળ્યેથી

16. Which one of the following is *not* the objective of United Nations ?

(A) Maintenance of international peace and security

(B) Ensuring respect for treaty obligation

(C) Establishment of democratic government throughout the world

(D) Promotion of better standards of life

17. International Court of Justice consists of :

(A) The President and 15 other members

(B) The President, Vice-President and 13 other members

(C) The President, Vice-President and 15 other members

(D) The President, Vice-President and 14 other members

16. નીચે પૈકી કયો યુનાઈટેડ નેશન્સનો ઉદ્દેશ નથી ?

(A) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી

(B) સંધિ અન્વયેના અધિબંધનનો સમાન આદર

(C) આખા વિશ્વમાં લોકશાહી સરકારોની સ્થાપના

(D) જીવનના બહેતર ધોરણોને પ્રોત્સાહન

17. આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતમાં સમાવેશ થાય છે :

(A) પ્રમુખ અને પંદર અન્ય સભ્યો

(B) પ્રમુખ, ઉપપ્રમુખ અને તેર અન્ય સભ્યો

(C) પ્રમુખ, ઉપપ્રમુખ અને પંદર અન્ય સભ્યો

(D) પ્રમુખ, ઉપપ્રમુખ અને ચૌદ અન્ય સભ્યો

18. The Universal Declaration of Human Rights declares that all human beings are :

(A) by nature equally free and independent

(B) born free and rational

(C) born free and equal in work and rights

(D) born free and equal in dignity and rights

19. Which of the following is *not* a source of International Law as per Article 38(1) of the Statute of ICJ ?

(A) Teachings of the publicists

(B) Judicial decisions

(C) General Assembly Resolutions

(D) International Customs

18. માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા જાહેર કરે છે કે તમામ મનુષ્યો :

(A) નૈસર્ગિક રીતે સમાન પણે મુક્ત અને સ્વતંત્ર છે

(B) સ્વતંત્ર જન્મ્યા છે અને બૌધિક છે

(C) સ્વતંત્ર જન્મ્યા છે અને કામ તેમજ અધિકારોમાં સમાન છે

(D) સ્વતંત્ર જન્મ્યા છે અને ગૌરવ તેમજ અધિકારોમાં સમાન છે

19. આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતના સ્ટેટયુટના અનુચ્છેદ ૩૮(૧) અન્વયે નીચે પૈકી કયું આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉદગમ સ્થાન નથી ?

(A) પબ્લીસીસ્ટસના વકતવ્યો (વિધિશાસ્ત્રીના લખાણો)

(B) ન્યાયિક ચુકાદાઓ

(C) સામાન્ય સભાના ઠરાવો

(D) આંતરરાષ્ટ્રીય રૂઢિઓ

20. Who amongst the following was of the opinion that binding force of International Law is based on a fundamental principle known as '*pacta sunt servanda*' ?

(A) Austin

(B) Kelsen

(C) Anzillati

(D) Hall

21. The Supreme Court in Sarala Mudgal *Vs.* Union of India laid down that on conversion of a Hindu Husband to Islam ?

(A) He can have upto four wives

(B) His pre-conversion Hindu Marriage will get dissolved if he so wishes

(C) His pre-conversion Hindu Marriage will get dissolved automatically

(D) He cannot marry again till his pre-conversion Hindu Marriage is dissolved as per Hindu Law

20. નીચે પૈકી કોણ એવું મંતવ્ય ધરાવતા હતા કે આંતરરાષ્ટ્રીય કાયદાનું બંધનકારક બળ એ 'પેકટા સન્ડ સર્વાન્ડા' તરીકે જાણીતા મૂળભૂત સિદ્ધાંત ઉપર આધારિત છે ?

(A) ઓસ્ટીન

(B) કેલ્સન

(C) એન્ઝીલાટી

(D) હોલ

21. સરલા મુદગલ વિરુદ્ધ ભારત સંઘમાં સુપ્રિમ કોર્ટે સ્થાપિત કર્યું કે હિંદુ પતિ ધર્મપરિવર્તન કરી મુસ્લીમ બને તો :

(A) તે ચાર પત્નીઓ ધરાવી શકશે

(B) તે પોતાની ઇચ્છાથી ધર્મપરિવર્તન પહેલાના હિંદુ લગ્નનો વિચ્છેદ કરી શકશે

(C) ધર્મપરિવર્તન પહેલાંના હિંદુ લગ્નનો આપોઆપ અંત આવશે

(D) ધર્મપરિવર્તન પહેલાના હિંદુ લગ્નનો હિંદુ કાયદા અન્વયે અંત લાવ્યા સિવાય બીજા લગ્ન પતિ કરી શકશે નહીં

22. In Anil Kumar Jain *Vs.* Maya Jain, recently the Supreme Court has held that the requirement of six months waiting period in cases of divorce by mutual consent in Hindu Law can be relaxed by :

(A) High Court only

(B) Supreme Court only

(C) High Court and Supreme Court only

(D) Any Court

23. Khula under the Muslim Law refers to :

(A) divorce by mutual consent

(B) divorce initiated by wife and accepted by husband

(C) A temporary marriage

(D) an irregular marriage

22. તાજેતરમાં સુપ્રિમ કોર્ટે અનીલકુમાર જૈન વિરુદ્ધ માયા જૈનના કેસમાં ઠરાવ્યું છે કે પરસ્પર સંમતિથી લગ્નવિચ્છેદ માટે જરૂરી એવા હિંદુ લગ્નમાં છ માસના વિયોજનના ગાળા માટે અદાલત છુટછાટ આપી શકશે :

(A) માત્ર હાઈકોર્ટ

(B) માત્ર સુપ્રિમ કોર્ટ

(C) હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ બંને

(D) કોઈ પણ કોર્ટ

23. મુસ્લીમ કાયદા અન્વયે ખુલા એટલે :

(A) પરસ્પર સંમતિથી લગ્નવિચ્છેદ

(B) પત્ની દ્વારા લગ્નવિચ્છેદ માટેની પહેલ અને પતિ દ્વારા તેનો સ્વીકાર

(C) કામચલાઉ (હંગામી) લગ્ન

(D) અનિયમિત લગ્ન

24. Which of the following is *not* source of Muslim Law ?

(A) Hadith

(B) Qiyas

(C) Ijma

(D) Fatwa

25. Only the Hindu wife and not husband can claim divorce on the ground :

(A) Marriage was solemnized prior to the attaining age of 15 years

(B) Adultery

(C) Change of religion

(D) Renunciation of world by entering into religious order

24. નીચે પૈકી કયું મુસ્લીમ કાયદાનું ઉદગમસ્થાન નથી ?

(A) હદીથ

(B) કીયાસ

(C) ઈજમા

(D) ફતવા

25. માત્ર હિંદુ પત્ની આ કારણસર લગ્નવિચ્છેદ માગી શકે જે કારણ હિંદુ પતિને પ્રાપ્ય નથી :

(A) લગ્ન સમયે પત્નીની ઉમર પંદર વર્ષ કરતાં ઓછી હોય તો

(B) વ્યભિચાર

(C) ધર્મપરિવર્તન

(D) ધાર્મિક સંપ્રદાયમાં દાખલ થવા માટે સંસાર ત્યાગ

26. Marriage of a Hindu male to his wife's daughter by a previous husband is :

(A) Valid

(B) Voidable

(C) Void

(D) Void unless protected by custom and usage

27. Mohori Bibee *Vs.* Dharmodas Ghosh case deals with :

(A) contract by a person of unsound mind

(B) fraudulent contract

(C) contract by a drunkard

(D) contract by a minor person

26. પોતાની પત્નીના આગલા પતિથી થયેલ દિકરી સાથે હિંદુ પુરુષના લગ્ન ...... છે.

(A) યથાર્થ

(B) વ્યર્થનીય

(C) વ્યર્થ

(D) વ્યર્થ સિવાય કે રૂઢિ અને પ્રથા દ્વારા અનુમોદન હોય તો

27. મોહરીબીબી વિરુદ્ધ ધર્મદાસ ઘોષના કેસ :

(A) માનસિક અસ્વસ્થ વ્યક્તિએ કરેલ કરારની બાબત છે

(B) કપટયુક્ત કરાર બાબત છે

(C) નશામાં રહેલ વ્યક્તિએ કરેલ કરાર બાબત છે

(D) સગીર દ્વારા કરવામાં આવેલ કરાર બાબત છે

28. Consideration for the contract signifies :

(A) Equality in contracts

(B) Fairness in contract terms

(C) Valuation of the contract

(D) The bargain element in a contract

29. A contracts to act in a theatre for 6 months in consideration of a sum paid in advance by B. On several occasions A is too ill to act.

(A) The contract to act on those occasions becomes void

(B) The contract to act becomes wholly void

(C) The contract to act on those occasions becomes voidable

(D) The contract to act on all occasions becomes voidable

28. કરાર માટેનો અવેજ સૂચવે છે :

(A) કરારમાં સમાનતા

(B) કરારની શરતોમાં વાજબીપણું

(C) કરારનું મૂલ્યાંકન

(D) કરારમાં બારગેઈનીંગનું તત્વ

29. 'A' છ માસ માટે થીયેટરમાં કામ કરવા માટે 'B' સાથે કરારો કરે છે જે માટે 'B' દ્વારા એડવાન્સમાં રકમ ચૂકવવાનો અવેજ છે. ઘણા પ્રસંગોએ 'A' બીમાર હોવાના કારણે કામ કરી શકતા નથી :

(A) આ પ્રસંગો માટે કરવામાં આવેલા કરારો વ્યર્થ છે

(B) તમામ કરારો વ્યર્થ છે

(C) આ પ્રસંગો માટે કરવામાં આવેલા કરારો વ્યર્થનીય છે

(D) તમામ પ્રસંગો માટે કરવામાં આવેલા કરારો વ્યર્થનીય છે

30. Under Section 73 of the Indian Contract Act :

(A) Special damages cannot be claimed

(B) Special damages can be claimed if the party breaking the contract is made known of the special circumstances at any time

(C) Special damages can be claimed if the party breaking the contract is made known of the special circumstances at the time of contract

(D) Special damages can be claimed

30. ભારતીય કરાર અધિનિયમની કલમ ૭૩ અન્વયે :

(A) ખાસ વળતર માંગી શકાય નહીં

(B) કરાર ભંગ કરનાર પક્ષકારને ખાસ સંજોગોની જાણ કોઈ પણ સમયે થઈ હોય તો ખાસ વળતર માંગી શકાય

(C) કરાર ભંગ કરનાર પક્ષકારને જો ખાસ સંજોગોની જાણ કરારના સમયે થઈ હોય તો ખાસ વળતર માંગી શકાય

(D) ખાસ વળતર કોઈ પણ કિસ્સામાં માંગી શકાય

31. Which one of the following pairs is correctly matched ?

(A) Section 56—Agreement in restraint of marriage

(B) Section 55—Frustration of contract

(C) Section 29—Agreements void for uncertainty

(D) Section 16—consent by coercion

31. નીચે પૈકી કયું જોડકું ખરું છે ?

(A) કલમ ૫૬–લગ્ન અવરોધક સમજૂતી

(B) કલમ ૫૫–કરારનું નિરસન (ફ્રસ્ટ્રેશન)

(C) કલમ ૨૯–અનિશ્ચિતતા કારણસર વ્યર્થ સમજૂતી

(D) કલમ ૧૬–ધાકધમકીથી મેળવાયેલ સંમતિ

32. A sells, by auction, to B, a horse which A knows to be unsound. Which one of the following situations amounts to fraud ?

(A) A remains silent and says nothing to B about the horse's unsoundness

(B) B is A's daughter and has just come of age and A remains silent and says nothing to B about the horse's unsoundness

(C) A has private information of a change in prices of horses in the market which, if told to B, would affect B's willigness to proceed with the contract. A remains silent

(D) On A being asked by B about horse's health, A replied "You may bring in your expert to examine the horse"

32. 'A' પોતાનો ઘોડો અસ્થિર હોવાની જાણ હોવા છતાં જાહેર હરાજીથી 'B' ને વેચે છે. નીચે પૈકી કયા સંજોગોમાં કપટ થયું કહેવાશે ?

(A) 'A' શાંત રહે છે અને 'B' ને ઘોડો અસ્થિર હોવાની જાણ કરતો નથી

(B) 'B' એ 'A' ની પુત્રી છે અને વયસ્ક છે 'A' શાંત રહે છે અને 'B' ને ઘોડો અસ્થિર હોવાની જાણ કરતો નથી

(C) ઘોડાના બજારમાં ઘોડાની કિંમતોમાં ફેરફારની 'A' ને અંગત જાણ છે પરંતુ તેની જાણ 'B' ને કરવાથી ઘોડો ખરીદ કરવાની 'B' ની ઇચ્છા ઉપર અસર પડે તેમ છે તેથી 'A' શાંત રહે છે

(D) 'B' જયારે 'A' ને ઘોડાના સ્વાસ્થ્ય બાબત પૂછપરછ કરે છે ત્યારે 'A' કહે છે કે ''તમારો નિષ્ણાંત લાવી ઘોડાની તપાસ કરાવી શકો છો''

33. *Qui facit per alium facit per se* means :

(A) he who acts through another is deemed to have acted himself

(B) to act independently

(C) there is no right without a remedy

(D) damage suffered without violation of right is not actionable

34. On a rainy and windy day a live wire snapped from an electric pole. Raj Kumar did not notice the wire and rode his bicycle over the wire. He got electrocuted and died. His widow brought an action for damages against the electricity board.

(A) Board is not liable as wire snapped due to act of God

(B) Board is not liable as there is contributory negligence on the part of Raj Kumar

(C) Board is not liable as it has statutory duty to supply electricity

(D) Board is liable as there is forseeable risk inherent in the very nature of such activity

33. ''કવી ફેસિટ પર એલિયમ ફેસિટ પર સે'' નો અર્થ છે :

(A) જાઓ બીજ થકી કામ કરે છે પોતા કર્યા સમાન છે

(B) સ્વતંત્ર રીતે કાર્ય કરવા છે

(C) જ્યાં હકક ના હોય ત્યાં દાદ ના હોય

(D) હકક વગેર થયેલા નુકસાન વાદકીય નથી

34. એક વરસાદી અને પવનવાળા દિવસે લાઈટના થાંભલા પરથી એક કરંટવાળો તાર તૂટી જાય છે. રાજકુમારના ધ્યાનમાં તે તાર આવ્યો નહિ અને તે તાર ઉપરથી સાયકલ દોડાવી. તેને કરંટ લાગ્યો અને ગુજરી ગયો, તેની વિધવા સ્ત્રીએ વીજ બોર્ડ સામે વળતર મેળવવા માટે કાનૂની પગલા લીધા.

(A) ઈશ્વરીય કૃત્યના કારણે તાર તૂટી ગયેલ હોવાથી વીજબોર્ડ જવાબદાર નથી

(B) રાજકુમારની પણ સંયુક્ત બેદરકારી હોવાથી વીજબોર્ડ જવાબદાર નથી

(C) વીજબોર્ડ જવાબદાર નથી કાણ કે વીજ પૂરવઠો પૂરો પાડવાની વીજબોર્ડની કાનૂની ફરજ છે

(D) વીજબોર્ડ જવાબદાર છે કારણ કે તેના કાર્યમાં જોખમ રહેલું છે તેવું પૂર્વાનુમાન રહેલું છે

35. A and B blocked the waste pipes of a wash basin, which was otherwise in the control of C, and opened the tap. The overflowing water damaged D's goods kept in the adjoining premises. C can take the defence of :

(A) *Volenti non fit injuria*

(B) Remoteness of damages

(C) Act of third party

(D) Statutory authority

36. Which of the following defences is available in tort of negligence ?

(A) Contributory negligence

(B) Statutory authority

(C) Act of God

(D) *Volenti non fit injuria*

35. A અને B વાશબેસિનના પાઈપને બંધ કરી દે છે, જો કે અન્યથા C ના નિયંત્રણમાં છે અને નળ ચાલુ કરી દે છે. પાણી D ના સામાન ખરાબ કરી દે છે. C શું બચાવ લેઈ શકે છે :

(A) વોલેન્ટી નન ફિટ ઈન્જૂરિયા

(B) નુકસાનના આડકતરાવાળુ

(C) ત્રાહિત પક્ષનું કાર્ય

(D) ધારાકીય સત્તા મંડળ

36. બેદરકારીના અપકૃત્યમાં કયો બચાવ ઉપલબ્ધ છે ?

(A) સંયુક્ત બેદરકારી

(B) ધારાકીય સત્તા મંડળ

(C) ઈશ્વરનું કૃત્ય

(D) વોલેન્ટી નોન ફિટ ઈન્જૂરિયા

37. **Principle** : No person can sue for a tort to which he had consented either expressly or impliedly. However, rescue cases are exceptions.

**Facts** : A short distance from X's house, there was a railway collision due to the negligence of railway authority. X voluntarily took an active part in rescue oprations at the scene of the accident. As a result, he suffered prolonged anxiety and neurosis. He claimed damages from the railway authority.

(A) X will not succeed as he went to the scene of accident voluntarily

(B) X will not succeed as railway authority was not negligent towards him

(C) X will not succeed as railway authority could not forsee any harm to him

(D) X being a rescuer, railway authority owed a duty towards him also and is liable to compensate him

37. **સિદ્ધાંત** : કોઈએ પોતે અપકૃત્ય માટે સ્પષ્ટ અથવા ગર્ભિતરીતે સંમતિ આપી હોય તો તે પોતે અપકૃત્ય માટે પગલા ન લઈ શકે.

**તથ્ય** : X ના મકાનની નજીકમાં રેલ્વેની બેદરકારીના કારણે અકસ્માત થાય છે. અકસ્માતના સ્થળે X સ્વેચ્છાએ બચાવકાર્યમાં મદદકર્તા થાય છે. પરિણામે તે લાંબા સમય સુધી આઘાત ભોગવે છે. રેલ્વે સત્તાવાળા પાસેથી વળતર માગે છે.

(A) સ્વેચ્છાથી અકસ્માતના સ્થળે X આવેલો હોવાથી તે સફળ નહિ થાય

(B) X સફળ નહિ થાય કારણ કે X ના પ્રત્યે રેલ્વે બેદરકાર નહોતી

(C) X સફળ નહિ થાય કારણ કે રેલ્વે સત્તાવાળા તેને નુકશાન પહોંચશે તેવું પૂર્વાનુમાન કરી શકે નહિ

(D) X એ બચાવકાર્યમાં મદદકર્તા હોવાથી રેલ્વે સત્તાવાળાઓની X પ્રત્યે ફરજ હતી અને તેથી X ને વળતર આપવા માટે રેલ્વે જવાબદાર છે

38. 'A' who was about to compete in a car rally, asked his friend, B, to drive A's car from Vadodara to Ahmedabad so as to meet A there at end of the rally. B was to bring in the car a suitcase for A, and after the rally, they were both to take the car and go to Gandhinagar. B departed from Vadodara but, before reaching Ahmedabad, negligently collided with C's car which was damaged. C claimed damages from A and B.

(A) Only A can be held liable as he is the owner of the car

(B) Only B can be held liable as he was driving the car

(C) neither A nor B can be held liable

(D) both A and B can be held liable as B was using the car for A's purpose

38. 'A' કે જેઓ કાર રૈલીમાં ભાગ લેવાના હતા તેમણે 'B' ને તે કાર વડોદરાથી અમદાવાદ હંકારવાનું કહ્યું અને 'B' ને રૈલી પૂરી થાય ત્યાં 'A' ને મળવાનું કહ્યું. 'A' ને માટે 'B' કારમાં સૂટકેસ લાવવાના હતા અને રેલી પછી બંને કાર લઈને ગાંધીનગર જવાના હતા. 'B' વડોદરાથી કાર લઈને નીકળ્યો પરંતુ અમદાવાદ પહોંચે તે પહેલા બેદરકારીથી 'સી' ની કાર જોડે અથડાય છે અને 'સી' ની કારને નુકસાન થાય છે 'સી' એ 'A' અને 'B' પાસે વળતરની માગણી કરી :

(A) માત્ર 'A' ને જવાબદાર ગણી શકાય કારણ કે કારની માલિકી 'A' ની હતી

(B) માત્ર 'B' ને જવાબદાર ગણી શકાય કારણ કે 'B' કાર હંકારી રહ્યો હતો

(C) 'A' કે 'B' કોઈને જવાબદાર ગણી શકાય નહિ

(D) 'A' અને 'B' બંનેને જવાબદાર ગણી શકાય કારણ કે 'A' ના હેતુ માટે 'B' કાર હંકારી રહ્યો હતો

39. An offence basically in a law :

(A) act punishable

(B) anti-social act

(C) act defined as a crime

(D) wrong

40. A six-year old child pushes a labourer working on the roof top, the Labourer dies as a result.

(A) The child is guilty of murder

(B) The child is guilty of culpable homicide

(C) The child is guilty of assault

(D) The child is innocent

41. "A" is carrying coins for melting. State whether :

(A) He has committed a crime

(B) He has attempted a crime

(C) He has made a preparation for committing a crime

(D) He has committed a tort

39. કાયદામાં 'ગુનો' એટલે મૂળભૂત રીતે મૂળ ગુનો એક :

(A) એવું કાર્ય છે કે જે સજાને પાત્ર છે

(B) સમાજ વિરોધી કાર્ય છે

(C) એવું કાર્ય છે કે જેની ગુના તરીકેની વ્યાખ્યા કરવામાં આવેલ હોય

(D) દુષ્કૃત્ય

40. એક ૬ વર્ષનો બાળક મકાનની અગાશીમાં કામ કરતા મજૂરને ધક્કો મારે છે કે જેથી મજૂર મૃત્યુ પામે છે :

(A) બાળકે ખૂનનો ગુનો કર્યો છે

(B) બાળક સદોષ માનવ હત્યાનો ગુનેગાર છે

(C) બાળક 'હુમલા' નો ગુનેગાર છે

(D) બાળક નિર્દોષ છે

41. 'A' સિક્કાઓ ગાળવા માટે લઈને જઈ રહ્યો છે જણાવો કે તેણે :

(A) કોઈ ગુનો કર્યો છે

(B) કોઈ ગુનો કરવાનો પ્રયાસ કર્યો છે

(C) કોઈ ગુનો કરવાની તૈયારી કરી છે

(D) અપકૃત્ય કર્યું છે

42. Which of the following is *not* an offence against women ?

(A) Rape

(B) Molestation

(C) Not allowing women to enter Hanuman Mandir

(D) Dowry death

43. The difference between culpable homicide and murder in the weakest point of the Indian Penal Code. The statement was made by :

(A) Dr. H.S. Gaur

(B) James Fitz Stephen

(C) Granville Williams

(D) Kenny

44. "A" makes an attempt to pick the pocket of "B" by thrusting his hand into B's pocket. A fails in the attempt as B's pocket was empty.

(A) A is not guilty of any offence

(B) A is guilty of attempt to commit theft

(C) A is guitly of theft

(D) None of the above

42. નીચેના પૈકી કયો સ્ત્રી વિરુદ્ધ ગુનો નથી :

(A) બળાત્કાર

(B) લજ્જામરો

(C) હનુમાન મંદિરે સ્ત્રીઓને ના પ્રવેશવા દેવું

(D) દહેજ મૃત્યુ

43. 'સદોષ માનવવધ અને ખૂન વચ્ચે તફાવત એ ભારતીય ફોજદારી સંહિતાનો સૌથી નબળો પાસો છે' આ વિધાન કોનું છે ?

(A) ડો. એચ. એસ. ગૌર

(B) જેમ્સ ફિટ્ઝ સ્ટીફ્યૂ

(C) ગ્લેનવિલ વિલિયમ્સ

(D) કેની

44. 'બ' ના ખિસ્સામાં હાથ નાખી 'અ', 'બ' નું પાકીટ ઉઠાવી જવા પ્રયત્ન કરે છે. 'અ' તેના પ્રયત્નમાં નિષ્ફળ જાય છે કારણ કે 'બ' નું પાકીટ ખાલી હતું :

(A) 'અ' કોઈ ગુના માટે દોષિત નથી

(B) 'અ' એ ચોરીના ગુના માટે પ્રયત્ન કર્યો છે અને દોષિત છે

(C) 'અ' એ ચોરીનો ગુનો કર્યો છે

(D) ઉપરનામાંથી એકેય નહિ

45. Which of the following statements is true ?

(A) All Government departments are industry

(B) No Government department is industry

(C) Government department carrying on business or trade may be industry

(D) Government department carrying on only sovereign functions may be industry

46. There can be lay-off for ............. .

(A) One day

(B) More than one day

(C) Maximum seven days

(D) Any period even less than one day

45. નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) બધા સરકારી વિભાગ ઉદ્યોગ છે

(B) કોઈપણ સરકારી વિભાગ ઉદ્યોગ નથી

(C) વેપાર અને વાણિજ્ય કરતા સરકારી વિભાગ ઉદ્યોગ છે

(D) માત્ર સાર્વભૌમ કૃત્ય કરતાં સરકારી વિભાગ ઉદ્યોગ છે

46. લે-ઓફ .......... હોઈ શકે.

(A) એક દિવસનો

(B) એક દિવસ કરતા વધારે દિવસનો

(C) વધારેમાં વધારે સાત દિવસનો

(D) ગમે તેટલા સમયનો, એક દિવસ કરતાં ઓછા દિવસનો

47. Choose the *correct* option :

(A) Workman : includes a person who is employed in a managerial capacity

(B) Lock-out : means the temporary closing of a place of employment

(C) Retrenchment : does include voluntary retirement

(D) Industry : a club rendering services to its members is not an industry

48. Right to strike is a .................. .

(A) Legal Right

(B) Constitutional Right

(C) Equitable Right

(D) Is not a Right

47. નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(A) કામદાર : મેનેજરની કક્ષામાં કામ કરનાર વ્યક્તિનો સમાવેશ થાય

(B) તાળાબંધી : એટલે કામના સ્થળનું કામચલાઉ બંધ થવું

(C) છટણી : સ્વૈચ્છિક નિવૃત્તિનો સમાવેશ થાય છે

(D) ઉદ્યોગ : સભ્યોને સેવા પૂરી પાડતા કલબ, એ 'ઉદ્યોગ' નથી

48. હડતાળનો અધિકાર .......... .

(A) કાનૂની અધિકાર છે

(B) બંધારણીય અધિકાર છે

(C) સમન્યાયી અધિકાર છે

(D) અધિકાર નથી

49. Permanent closing down of a part of place of work is called ............

(A) Lay-off

(B) Retrenchment

(C) Closure

(D) Lock-out

50. Which of the following statements is not *correct* ?

(A) In lock-out, a place of employment is permanently closed

(B) Lay-off is not concerned with labour disputes

(C) Closure is generally for trade reasons

(D) In strike, there shall be cessation of work or refusal to work

49. કામના–સ્થળના કોઈ ભાગને કાયમી રીતે (ધોરણે) બંધ કરવાની બાબતને ....... કહેવામાં આવે છે.

(A) લે-ઓફ

(B) છટણી

(C) ક્લોઝર

(D) લોક-આઉટ

50. નીચેના પૈકી કયું વિધાન ખરું નથી ?

(A) તાળાબંધીમાં, કામના સ્થળને કાયમી બંધ કરવામાં આવે છે

(B) લે-ઓફને કામદાર તકરારો સાથે સંબંધ નથી

(C) સામાન્ય રીતે ઉદ્યોગનું બંધ થવું એ ધંધાના કારણોસર હોય છે

(D) હડતાળમાં, કામ બંધ થાય છે અથવા તો કામ કરવાનો ઈન્કાર થાય છે

ROUGH WORK